મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૪૯ ટકા

ગાંધીનગર તાપમાન

કાકાજીના દિકરાઓની ધમકીઓથી કંટાળીને શેરથામાં ૭૫ વર્ષિય વૃદ્ધાએ ફિનાઈલ પીધું

ભાગની જમીનના વેચાણ માટે સહીઓ કરવા બે માસથી વૃદ્ધાને ત્રાસ આપી મારી નાખવાની ધમકી આપતા હતા

ગાંધીનગર, તા.૧૧

ઉવારસદ રોડ પર આવેલી ચાર વિઘા જમીનના ભાવ કરોડોને આંબી જતા આ પારિવારિક ભાગની જમીનના વેચાણ મુદ્દે કુટુંબના સભ્યોના ત્રાસ અને ધમકીઓથી કંટાળીને શેરથામાં એક ૭૫ વર્ષિય વૃદ્ધાએ ફિનાઈલ પી લેતા ચકચાર મચી જવા પામી છે. વૃદ્ધાના દિકરાએ તાત્કાલિક તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ લઈ જઈ સારવાર અર્થે ખસેડ્યા હતા. તાત્કાલિક સારવાર મળી રહેતા વૃધ્ધા મોતના મોમાંથી બહાર આવી ગયા છે. વૃદ્ધાએ આ મામલે જમીન વેચવા માટે સહીઓ કરવા દબાણ કરીને ત્રાસ આપી રહેલા કુટુંબના જ ત્રણ સભ્યો સામે ફરિયાદ નોંધાવતા અડાલજ પોલીસે તપાસ શરૂ કરી છે.

શેરથાના કસ્તુરીનગર પરામાં રહેતા હિરાબેન નારણભાઈ પ્રજાપતિના પરિવારમાં બે દિકરાઓ અને એક દીકરી છે. હિરાબેન શેરથામાં આ મકાનમાં એકલા રહે છે. અડાલજ પોલીસ મથકમાં તેમણે નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના કુટુંબની સંયુક્ત માલિકીની ૪ વીઘા જમીન ઉવારસદ રોડ પર આવેલી છે. તેમના કાકાજીના દિકરાઓ પૈકી કલોલ રહેતા નટુ ડાહ્યાભાઈ પ્રજાપતિ, શેરથા રહેતા કાન્તી ગાંડાભાઈ પ્રજાપતિ અને ચાંદખેડા રહેતા મહેશ ઉર્ફે બટો લાલભાઈ પ્રજાપતિ મળીને તેમની બોપલીયો નામના ખેતરવાળી ઉવારસદ વાળી જમીન વેંચવા માંગે છે. જેના કાગળો પર સહીઓ કરવા હિરાબેનને કાકાજીના દિકરાઓ બે મહિનાથી વારંવાર ધમકીઓ આપતા હતા અને જાનથી મારી નાખીશ તેવી ધમકીઓ આપતા હતા. તેમણે અડાલજ પોલીસ સ્ટેશનમાં પણ વૃદ્ધા વિરૂદ્ધ અરજી કરી હતી. જેનો જવાબ લખાવવા માટે વૃદ્ધા અને તેમના પુત્ર સોમવારે સવારે અડાલજ પોલીસ સ્ટેશન જવાના હતા. તેમનો પુત્ર બહાર મસાલો ખાવા ગયો તે દરમિયાન ઘરમાં એકલા હતા ત્યારે હિરાબેને ઘરે જ ફિનાઈલ પી લીધું હતું. મસાલો ખાઈને ઘરે આવેલા દિકરાને આ અંગે જાણ થતા માતાને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તે હોસ્પિટલ લઈ ગયો હતો. સારવાર લીધા બાદ હિરાબેને અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે ગુનો નોંધીને વધુ તપાસ શરુ કરી છે.

સિવિલ સંકુલના રહેણાંક મકાનોમાં પાંચ દિવસથી પાણીના પોકાર

સરકારી મકાનમાં રહેતા નાગરીકોને ટેન્કર બોલાવવાની ફરજ પડે છે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના સેકટર- ૧૨ માં આવેલા સિવિલ હોસ્પિટલ સંકુલમાં સ્થિત સરકારી આવાસોમાં છેલ્લા પાંચ દિવસથી પાણીનું એક પણ ટીપું આવતુ ન હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. પાણી ન આવતા અહી વસવાટ કરતા નાગરીકોની હાલત કફોડી બની જવા પામી છે. નાગરીકોને પીવાના પાણીના ટેન્કર મંગાવવા પડે છે.ત્યારે નાગરીકોને રૂપીયા ખર્ચીને પાણી ખરીદી કરવાની ફરજ પડે છે.

ગાંધીનગર સિવિલ સંકુલમાં હોસ્પિટલમાંના સ્ટાફના રહેવા માટે સરકારી કવાટર્સ ફાળવવામાં આવ્યા છે. પોસ્ટમોર્ટમ રૂમની સામે બનાવવામાં આવેલા સરકારી કવાર્ટર્સમાં છેલ્લા પાંચ દિવસથી એક પણ ટીપું પાણી નહી આવવાની સમસ્યા ઉભી થઈ છે. ભરશિયાળામાં પાણી ન આવવાને કારણે રહીશોની મુશ્કેલીઓ વધી છે. અહીં રહેતા કર્મચારીઓ અને તેમના પરિવારજનો રોજીંદી ક્રિયામાં પાણીના અભાવે મુશ્કેલીઓ ઉભી થઈ છે. આ સ્થિતમાં રહીશોએ વારંવાર તંત્રને રજુઆત કરી હોવા છતા પણ સરકારી તંત્રના પેટનું પાણી હલતું નથી. તો બીજીબાજુ પોતાની રોજીંદી ક્રિયા અને વપરાશ માટે પણ ટેન્કર પૈસા ખર્ચીને બોલાવવા પડે છે. જયારે પીવાનું પાણી પણ પાટનગરમાં ખરીદવાની સ્થિતિ આવી છે. સિવિલ સંકુલના ચ ટાઈપના મકાનમાં બારથી વધુ પરિવારો છેલ્લા પાંચ દિવસથી પાણી માટે પોંકારો કરી રહ્યા છે. પરંતુ તેમની સામે કોઈ જોતુ નથી. ત્યારે સત્વરે આ પાણીની સમસ્યાનો ઉકેલ આવે તે માટે પણ અહીના વસાહતીઓએ માંગણી કરી છે.

સિવિલમાં ગત્ સપ્તાહે ડેન્ગ્યુના ૧૦ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી બેવડી રૂતુનો અનુભવ થાય છે. સવારે ઠંડી અને બપોરે ગરમીનો અહેસાસ થાય છે. જયારે વાદળછાયુ વાતાવરણ રહેતા નગરજનોના સ્વાસ્થય પર અસર કરે છે. ત્યારે ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં ગત્ તા. ૩ થી ૯ દરમિયાન ડેન્ગ્યુના ૧૦ કેસ નોંધાયા છે. તો બીજી તરફ મેલેરીયાનો એક પણ કેસ નોંધાવા પામ્યો નથી. જયારે શહેરમાં ચિકનગુનિયા, ટાઈફોઈડ અને કમળાના કેસ સામે આવી રહ્યા છે. જેને પગલે આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ડેન્ગ્યુ અને ચિકનગુનિયાને કાબુમાં કરવા કવાયત હાથ ધરવામાં આવી છે.

ચોમાસાની સિઝનમાં રોગચાળો બેકાબુ બન્યો હતો. શહેરની સિવિલ દર્દીઓથી ઉભરાતી હતી. દર્દીઓની લાંબી લાઈનો ખાનગી દવાખાનામાં લાગતી હતી. જયારે ગંદકીને પગલે વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળો વકર્યો હતો. સિવિલના મેડીસીન વોર્ડ દર્દીઓથી ભરચક રહેતા હતા. પાણીજન્ય રોગચાળામાં ઝાડા-ઉલ્ટીના કેસ પણ વધુ સામે આવ્યા હતા. જયારે હાલની સ્થિતિએ શહેરમાં બેવડી સિઝનનો અનુભવ નગરજનો કરી રહ્યા છે. સવારે ઠંડી અને બપોરે ગરમીનો અહેસાસ નાગરીકો કરી રહ્યા છે. ત્યારે મચ્છરજન્ય રોગચાળમાં ડેન્ગ્યુના કેસ સામે આવી રહ્યા છે પરંતુ મેલેરીયાના કેસ નહીંવત જોવા મળે છે. તેવી આરોગ્ય વિભાગ દ્વારા મેલેરીયાને કાબુમાં કરવા કવાયત હાથ ધરાઈ હતી તે કામ લાગી છે. જયારે ડેન્ગ્યુને કાબુમાં કરવા પણ આરોગ્ય વિભાગની ટીમ કામગીરી કરી રહી છે. શહેરની સિવિલમાં તા. ૩ થી ૯ ડિસેમ્બર દરમિયાન ડેન્ગ્યુના ૧૦, ચિકનગુનિયાના-૩ ટાઈફોઈડના-૩ અને કમળાનો એક કેસ નોંધાવા પામ્યો છે. જયારે શિયાળાની સિઝન હોવાથી નાગરીકો ગરમા ગરમ વિવિધ વાનગીઓ બહારની આરોગી રહ્યા છે. ત્યારે પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે પણ નાગરીકોએ જાગૃત રહેવાની જરુર છે.

ગાંધીનગરમાં ફાર્મસી પ્રેકટીસ વિષયે આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન કે.બી. ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ એજયુકેશન એન્ડ રીસર્ચ ખાત આગામી તા. ૨૬ અને ૨૭ ડિસેમ્બર દરમિયાન 'ફાર્મસી પ્રેકટીસ' વિષયે આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સ સે-૧૨માં સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના ઓડિટોરિયમ ખાતે યોજાશે.

ફાર્મસી પ્રેકટીસ વિષયે આયોજિત ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં તા. ૨૬મી ડિસેમ્બરે યુએઈના રસ-અલ-ખાન ફાર્મસી કોલેજના પૂર્વ ડીન ડૉ. બી.જી.નાગાવી, ઉટીની જેએસએસ ફાર્મસી કોલેજના વિભાગીય વડા ડૉ. પોનુ શંકર, મોહાલી ખાતેની નાઈયર કોલેજના વિભાગીય વડા પ્રેમલ તિવારી તથા કાઈટસ ફાર્માસ્યુટિકલ્સ કંપનીના ડાયરેકટર ડૉ. એસ.ડી. રાજેન્દ્રનના વકતવ્ય યોજાશે. જયારે તા. ૨૭મી ડિસેમ્બરે અમદાવાદની બી.જે.મેડીકલ કોલેજના પૂર્વ વિભાગીય વડા ડૉ. મીરા દેસાઈ અને ઝાયડસ રીસર્ચ સેન્ટરના ડીજીએમ ડૉ.જયેશ ભટ્ટના વકતવ્યો યોજાશે. આ સાથે કોન્ફરન્સમાં પોસ્ટર પ્રેઝન્ટેશન હરિફાઈ પણ યોજાશે. કોન્ફરન્સમાં વિવિધ રાજયોમાંથી પણ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે. કોન્ફરન્સમાં ફાર્મસી પ્રેકટીસ વિષયે રસ ધરાવનાર તજજ્ઞો ભાગ લઈ શકશે.

જલારામ ધામ ખાતે નેચરોપેથી કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

શ્રી જલારામ સેવા સમાજ ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૪ ડિસેમ્બરને શુક્રવારના રોજ એક દિવસીય વિનામુલ્યે નેચરોપેથી કેમ્પનું આયોજન શ્રી જલારામ મંદિર સેકટર-૨૯ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં સવારે ૬ કલાકથી યોગ તેમજ શરીરના હઠીલા રોગો જેવા કે બી.બી. કોલેસ્ટોરેલ, ડાયાબીટીસ, થાઈરોડ, સાંધાના દુખાવા, ચામડીના રોગ જેવા અનેકવિધ રોગોની સારવાર અંગે ડો. અમૃતભાઈ પટેલ માર્ગદર્શન આપશે. આ કેમ્પનો લાભ લેવા માટે ઈચ્છુક ભાઈ બહેનોએ પોતાનું નામ ફોન. ૦૭૯-૨૩૨ ૨૩૧૬૪ મંત્રી મો.૯૮૨૪૭ ૨૩૬૧૪, મો. ૯૮૭૯૧ ૩૮૮૫૪, મો. ૯૮૭૯૧ ૩૮૮૫૪ પર પોતાનું નામ રજીસ્ટ્રેશન કરાવી આ કેમ્પનો લાભ લેવા જણાવાયું છે.

ગાંધીનગર જિલ્લા આરોગ્ય સોસાયટી અંતર્ગત ડિસ્ટ્રીકટ હેલ્થ મિશનની બેઠક યોજાઇ

ગાંધીનગર, તા.૧૧

ડેન્ગ્યુ, મેલરિયા અને અન્ય પાણીજન્ય રોગો કેવી રીતે ફેલાય છે, તે અંગેની સામાન્ય લોકોમાં જાગૃતિ આવે તે ખૂબ જ જરૂરી છે અને તો જ ડેન્ગ્યુ, મેલરિયા અને પાણીજન્ય રોગોની વધતી જતી માત્રા ખૂબ જ ઝડપી અટકાવી શકીશું, તેમ આજરોજ ડિસ્ટ્રીક હેલ્થ મિશન બેઠકમાં ગાંધીનગર જિલ્લા પ્રભારી અને જળસંપત્તિ રાજય મંત્રી શ્રી પરબતભાઈ પટેલે જણાવ્યું હતું.

આ બેઠકમાં રજૂ થયેલા પ્રેઝેન્ટેશનમાં જિલ્લામાં આરોગ્યક્ષેત્રે થયેલ ઉમદા કામગીરી બદલ જિલ્લા આરોગ્ય તંત્રની સમગ્ર ટીમને અભિનંદન પાઠવતાં રાજય મંત્રી શ્રી પરબતભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, શિક્ષણ અને આરોગ્ય એ એવા ક્ષેત્રો છે કે જેમાં ગુણવત્તાયુકત કામગીરી ખૂબ જ જરૂરી છે. આ બન્ને ક્ષેત્રે કામ કરનાર વ્યક્તિએ હમેંશા સંવેદશીલતા અને મદદની ભાવના સાથે પોતાની ફરજ બજાવી જોઈએ. તેમણે જિલ્લામાં હાથ ધરાયેલ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ કામગીરીની વિગતો જાણી આ કામગીરી ખૂબ તકેદારી પૂર્વક કરવા તેમજ આયુષ્યમાન ભારત, મા અમૃતમ્, મા વાત્સલ્ય જેવી આરોગ્ય વિષયક વિવિધ યોજનાઓની જાણકારી જિલ્લાના તમામ નાગરિકને મળી રહે તે વાત પર પણ ખૂબ ભાર મુક્યો હતો.

બેઠકના પ્રારંભે જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ પ્રભારી મંત્રીશ્રીનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે કલેકટર શ્રી એસ.કે.લાંગાએ કરી ગાંધીનગર જિલ્લાએ મિઝલ્સ રૂબેલા કેમ્પેઈનમાં ૧૦૨ ટકા કામગીરી કરીને રાજયનો શ્રેષ્ઠ જિલ્લો બન્યો તેમ જણાવી જિલ્લામાં થયેલ આરોગ્ય ક્ષેત્રેની વિવિધ કામગીરીની વિસ્તૃત વિગતો રજૂ કરી હતી.

આ પ્રસંગે જિલ્લાના સી.ડી.એચ.ઓ. શ્રી ડૉ. સોલંકીએ બેઠકમાં ગાંધીનગર જિલ્લાની આરોગ્ય ક્ષેત્રે થયેલી કામગીરીનું એક પ્રેઝેન્ટેશન રજૂ કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર જિલ્લામાં કુપોષણ મુકત ગુજરાત મહાઅભિયાન ફેઝ-૪ અન્વયે ૧,૪૭,૨૯૮ બાળકોનું સ્કીનીંગ કરવામાં આવ્યું હતું. જેમાં ૩૩૯ એસએએમ અને ૩૮૫૩ એમએએમ બાળકો મળ્યા છે. તે ઉપરાંત કન્સ્ટ્રકશન સાઈટમાં મેલેરિયા માટે ૫ હજારથી વધુ મજુરોનું સ્કીનીંગ કરવામાં આવ્યું હતું. મિઝલ્સ રૂબેલા કેમ્પેઈનમાં ૧૦૨ ટકા અને જન્મ – મરણ નોંધણીમાં ૧૦૦ ટકા કામગીરી કરવામાં આવી છે. નવેમ્બર, ૨૦૧૮ના અંતિત ચિરંજીવ યોજનામાં ૩૯૪, જનની સુરક્ષા યોજનામાં ૧૯૯૬, બાલસખા યોજનામાં ૧૩૦૭, કસ્તુરબા પોષણ સહાય યોજનામાં ૨૭૫૦ અને જનની શિશુ સુરક્ષા કાર્યક્રમમાં ૩૩૮૩ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. આ તમામ યોજના અંતર્ગત ૧૨૭ લાખથી વધુની સહાયની રકમ ચુકવવામાં આવી છે. મુખ્યમંત્રી અમૃતમ યોજના હેઠળ ૩૮,૯૫૮, મુખ્ય મંત્રી અમૃતમ વાત્સલ્ય યોજના હેઠળ ૯૫,૩૭૨ કુટુંબોને આવરી લેવામાં આવ્યા છે. તે ઉપરાંત ૪૭૪ સીનીયર સીટીઝન્સ કાર્ડ અને ૫૦ કર્મયોગી કાર્ડ કાઢી આપવામાં આવ્યા છે. આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત ગ્રામ્ય વિસ્તારના ૫૬,૭૩૪, શહેરી વિસ્તારના ૧૭,૪૯૬, ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૮,૧૭૮ મળી કુલ-૮૨,૪૦૮ કુટુંબોને આવરી લેવામાં આવ્યા છે. તેમજ ગોલ્ડનકાર્ડ ૯,૨૬૦ આપવામાં આવ્યા છે. નવેમ્બર અંતિત સુધીમાં ૨,૯૫,૨૩૯ લોહીના નમૂના તપાસતા માત્રા ૧૯૦ વ્યક્તિઓને મેલેરિયા હતો. ડેન્ગ્યુના ૩૧૧ કેસો નવેમ્બર, ૨૦૧૮ અંતિત જોવા મળ્યા હતા. પરંતુ જિલ્લામાં કોઈનું ડેન્ગ્યુથી મરણ થયું નથી. ૧,૪૪૦૮ લોકોના મોતિયાના ઓપરેશન કરવામાં આવ્યું છે. ૨૪૧૧ બાળકોન ચશ્મા આપવામાં આવ્યા છે.

ગાંધીનગર આસપાસ હિટ એન્ડ રનના વધુ બે બનાવ : બે યુવાનોના મૃત્યુ

કોબા પ્રેક્ષાભારતી પાસે રસ્તો ઓળંગી રહેલા યુવાનને અડફેટે લઈ અજાણ્યા વાહન ચાલકે યુવાનને મોતને ઘાટ ઉતાર્યો : ચિલોડા સર્વિસ રોડ પર બાઈકને અડફેટે અજાણ્યા વાહન ચાલકે બાઈક ચાલકને કચડી માર્યો : બંને અકસ્માતોમાં આરોપીઓ વાહન સાથે રફુચક્કર

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં હિટ એન્ડ રનની ઘટનાઓ વધી રહી છે ત્યારે ગાંધીનગર આસપાસ કોબા અને ચિલોડા પાસે વધુ બે હિટ એન્ડ રનના બનાવ બન્યા હોવાનું ધ્યાને આવ્યું છે. આજે બપોરે કોબા નજીક પ્રેક્ષા ભારતી સામે રસ્તો ઓળંગી રહેલા ૨૭ વર્ષીય અપરિણીત યુવાનને બેફામ જતી એક ટોયોટો કંપનીની અજાણી કારે અડફેટે લઈને યુવાનને મોતને ઘાટ ઉતારી દીધો હતો અને સ્થળ પરથી કાર સાથે ચાલક ફરાર થઈ ગયો હતો. આ મામલે ઈન્ફોસિટી પોલીસ મથકમાં અજાણ્યા કાર ચાલક સામે ગુનો દાખલ થવા પામ્યો છે તો બીજી તરફ મહુન્દ્રાથી ચિલોડા તરફ સર્વિસ રોડ પરથી ગઈ રાત્રે બાઈક લઈને જતાં યુવાનને ટક્કર મારી અજાણે કારચાલક ફરાર થઈ ગયા હતા. આ ઘટનામાં પણ બાઈકચાલક યુવાનનું કમકમાટીભર્યુ મૃત્યુ નીપજયું હતું. આ મામલે ચિલોડા પોલીસે વધુ તપાસ આરંભી છે.

મળતી વિગત મુજબ કચ્છના ગાંધીધામ વિસ્તારમાં રહેતો અને ત્યાં જ ખાનગી કંપનીમાં નોકરી કરતો ૨૭ વર્ષીય યુવાન શ્રીમિતેશ શ્રીકાંત ત્રિપાઠી કંપનીમાં અઠવાડીયાની રજા મુકીને ગાંધીનગર ફરવા આવ્યો હતો. કોબા નજીક પ્રેક્ષા ભારતીમાં તબીબ તરીકે ફરજ બજાવતી તેની સગી બહેન ડો. શ્રેયાબેન ત્રિપાઠીને મળીને આજે બપોરે શ્રીમિતેશ ત્રિપાઠી પ્રેક્ષા ભારતીની બહાર નીકળ્યા હતા અને હાઈવે ઉપર રીક્ષા પકડવા જઈ રહ્યા હતા. તે દરમિયાન ગાંધીનગર તરફથી ધસમસતી આવતી એક ટોયોટો કંપનીની અજાણી કારે રસ્તો ઓળંગી રહેલા શ્રીમિતેશ ત્રિપાઠીને અડફેટે લેતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મૃત્યુ હતું. તો બીજી તરફ કાર ચાલક કાર સાથે જ સ્થળ પરથી પલાયન થઈ ગયો હતો. આ મામલે ઈન્ફોસિટી પોલીસને જાણ થતા મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી મૃતકની બહેન શ્રેયાબેન ત્રિપાઠીની ફરિયાદને આધારે અજાણ્યા કાર ચાલક સામે ગુનો દાખલ કરી સીસીટીવી ફૂટેજ મેળવવાના પ્રયત્ન શરૂ કરી આરોપીને પકડવા કવાયત હાથ ધરવામાં આવી છે. કોબા પાસે આજે બપોરે બનેલી આ હિટ એન્ડ રનની ઘટના ઉપરાંત ગઈકાલે રાત્રે ચિલોડા નજીક આવી જ એક હિટ એન્ડ રનની ઘટના બનવા પામી હતી. મહુન્દ્રા ગામમાં રહેતા ૪૨ વર્ષિય પરબતભાઈ ફકીરભાઈ ઠાકોર ગાંધીનગર શહેરના સેક્ટર-૨૮ જીઆઈડીસી ખાતે કલ્પતરુમાં નોકરી કરતા હતા. તેમના ગામના લાલાભાઈ રાવળ પણ તેમની સાથે તે જ કંપનીમાં નોકરી કરતા હતા. ગઈકાલે નાઈટ ડ્યુટી હોવાથી રાત્રે સાડા અગીયાર વાગ્યે પરબતભાઈ અને લાલાભાઈ બાઈક પર મહુન્દ્રાથી ઓફીસ જવા નીકળ્યા હતા ત્યારે મહુન્દ્રા થી ચિલોડા તરફ જતા સર્વિસ રોડ ઉપર તેમને અજાણ્યા કાર ચાલકે અડફેટે લઈ લીધા હતા. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા પરબતભાઈનું સ્થળ પર જ કમકમાટીભર્યુ મૃત્યુ થયુ હતું. જયારે અકસ્માત સર્જનાર અજાણ્યો કારચાલક અંધારાનો લાભ લઈને સ્થળ પરથી કાર સાથે ફરાર થઈ ગયો હતો. આ ઘટના મામલે ચિલોડા પોલીસે મૃતકના ભાઈ ગોવિંદભાઈ ઠાકોર ની ફરિયાદના આધારે અજાણ્યા કાર ચાલક સામે ગુનો દાખલ કરીને સીસીટીવી ફૂટેજ મેળવી આરોપી સુધી પહોંચવા કવાયત તેજ કરી છે. જોકે હિટ એન્ડ રનની આ બંને ઘટનામાં પોલીસ હજુ એક પણ આરોપી સુધી પહોંચી શકી નથી.

અંબાપુર રોડ પર બાઈક સ્લીપ થતાં ઘવાયેલા યુવાનનું સારવારમાં મૃત્યુ

અડાલજ નજીક આવેલા અંબાપુર રોડ પર ચોથી તારીખે કલોલનો એક બાઈક ચાલક યુવાન સ્લીપ ખાઈને પડ્યો હતો અને ગંભીર રીતે ઘવાયો હતો. બાઈક સ્લીપ થતા ઘવાયેલો ૩૫ વર્ષીય બાઈકચાલક યુવાન કિશોર ચંદ્રકાન્ત પંડયા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ હતો. આજે સવારે ૧૦ વાગ્યે સારવાર દરમિયાન કિશોર પંડયાનું મૃત્યુ નીપજયુ હતું. અડાલજ પોલીસે આ મામલે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સ્વ. જગદીશ ઠક્કરને તંત્રી પરિષદ દ્વારા શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૧૧

મીડિયાજગતમાં પ્રેમ પામનાર અને રાજય મુખ્યમંત્રીના જનસંપર્ક અધિકારી તરીકે તથા બાદમાં વડાપ્રધાનના જનસંપર્ક અધિકારી તરીકે ફરજ બજાવનાર જગદીશભાઈ ઠક્કરનું દુખદ અવસાન થતાં ગાંધીનગર જિલ્લા તંત્રી પરિષદ દ્વારા તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી છે.

પરિષદના અગ્રણી ભરત કવિ, રમેશભાઈ પટેલ, જૈનુલ પટેલ, લક્ષ્મણ પટેલ, પાર્થ ઠક્કર, ગૌરાંગ પંડ્યા, કુંતલ નિમાવત દ્વારા તેમને શ્રદ્ધાંજલિ પાઠવતાં જણાવવામાં આવ્યું છે કે 'જગદીશભાઈનું અવસાન થતાં મીડિયાજગતે એક આગવો મિત્ર ગુમાવ્યો છે. ઈશ્વર તેમના પુણ્ય આત્માને ચિર શાંતિ અર્પે.'

ચિરવિદાય

- સ્વ. નટવરસિંહ શંકરસિંહ વાઘેલા, ઉ.વ. ૬૪
- સ્વ. રવિન્દ્રકુમાર રામજીભાઈ યાદવ, ઉ.વ. ૮૬
- સ્વ. પરબતજી ફકીરજી ઠાકોર, ઉ.વ. ૪૨
- સ્વ. દેવેન્દ્રનાથ રાજનારાયણ સિંહ, ઉ.વ. ૭૯
- સ્વ. જીગર કિરીટભાઈ ચૌહાણ, ઉ.વ. ૧૮

સે-૫ માં ૧૭ વર્ષીય કિશોરને છરો ભોંકી મિત્રએ જ હત્યા કરી હતી

હત્યારા યુવાનની પ્રેમિકાનો ફોટો કિશોરે તેના મિત્રોને બતાવ્યો હતો : હત્યારો યુવાન ગાંજાના નશામાં ચુર હોવાની ચર્ચા : હત્યા કરીને હત્યારાએ પોતાના હાથે પતરી મારવાના નાટકો કર્યા : હત્યારાની ધરપકડ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં હવે ચોરી-લૂંટફાટ અને હત્યા જેવા ગંભીર ગુનાઓ સામાન્ય થઈ ગયા હોય તેમ લાગી રહ્યું છે. યુપી - બિહાર જેવી સ્થિતિ ગાંધીનગરની થઈ રહી છે. ક્યાક દિન દહાડે ફાયરિંગ કરીને હત્યા તો ક્યાંક છરો ભોંકીને હત્યા થઈ રહી છે. બે દિવસ પહેલા કોબા પાસે એક વૃદ્ધ વેપારીની ગોળી મારીને હત્યા થઈ હતી જેમાં હજુ સુધી પોલીસને હત્યારા સુધી પહોંચવાનુ કોઈ પગેરું મળી શક્યુ નથી. દરમિયાન ગઈકાલે ગાંધીનગર શહેરમાં વધુ એક હત્યાની ઘટના બની હોવાનું ધ્યાને આવ્યું છે. સેક્ટર-૫ બી માં મહાકાળી માતાજીના મંદિર સામે ગઈ રાત્રે ૧૭ વર્ષીય કિશોરને તેના મિત્રએ જ છાતીના ભાગે છરો ભોંકી હત્યા કરી નાખી હતી. હત્યા કરીને સ્થળ પર જ ઉભેલા હત્યારાની સેકટર-૭ પોલીસે ધરપકડ કરી લીધી છે. હત્યારો ગાંજાના નશાનો આદિ હતો અને ગઈકાલે રાત્રે પણ તે ગાંજાના નશામાં ચૂર હોવાનું સ્થળ પર લોકમુખે ચર્ચાઈ રહ્યું હતું.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેક્ટર-૩ સી પ્લોટ નં.૫૪૫/૨ ખાતે રહેતા ૧૭ વર્ષીય કિશોર જીગર કાંતિભાઈ ચૌહાણને ગઈકાલે સોમવારનો ઉપવાસ હતો. રાત્રે નવ વાગ્યાના અરસામાં તેના દાદા ભાનુપ્રસાદ ચૌહાણને જીગર ઘરેથી એમ કહીને નીકળ્યો હતો કે હું ફરાળી નાસ્તો લઈને આવું છું. થોડો સમય વીતી ગયા છતાં જીગર ઘરે પરત ન ફરતા તેના દાદા ભાનુપ્રસાદે જીગર ને ફોન કરી ને કેટલી વાર લાગશે તેમ પૂછયું હતું ત્યારે જીગર એ કહ્યું હતું કે થોડીવારમાં આવું છું. ત્યારબાદ રાત્રે ૧૧ વાગ્યા તેમ છતાં પૌત્ર ઘરે ન આવતા દાદાએ ફરી તેને ફોન કર્યો હતો ત્યારે જિગરના કોઈ મિત્ર એ ફોન ઉપાડ્યો હતો અને કહ્યું હતું કે જીગર ને અકસ્માત થયો છે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ આવી જાવ. જિગરના દાદા તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પહોંચ્યા ત્યારે તેમને જાણવા મળ્યું કે જીગર સેક્ટર-૫ બી ખાતે આવેલા મહાકાળી માતાજીના મંદિર સામે ગયો હતો ત્યારે જીગરને સે-૪ સી ખાતે રહેતા તેના મિત્ર દીપક મગનભાઈ વાઘેલાએ કોઈ કારણોસર ઝઘડો થતાં છાતીના ભાગે છરો ભોંકી દીધો છે. મિત્ર દીપકે ગઈ રાત્રે કોઈ કારણોસર જિગરના છાતીમાં છરો ભોંકી તેની કરપીણ હત્યા કરી નાખી હોવાનું ધ્યાને આવતા દાદા ભાનુપ્રસાદે આ મામલે સેક્ટર-૭ પોલીસ મથકમાં દીપક સામે હત્યાની ફરિયાદ આપતા

પોલીસે ગુનો દાખલ કરીને હત્યા બાદ સ્થળ પર જ ઉભા રહી ગયેલા દીપક ની ધરપકડ કરી લીધી હતી. પોલીસને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે હત્યારો દીપક વોટ્સએપ વાપરતો નહોતો. દિપક તેની પ્રેમિકા સાથે વાતચીત કરવી હોય ત્યારે ક્યારેક તેના મિત્ર જીગરના મોબાઈલ થી વાત કરી લેતો હતો. અગાઉ દિપક એ જિગરના મોબાઈલથી વાતચીત કરી હશે તે દરમિયાન એકાદ ફોટોની આપ-લે થઈ હતી. દીપકની પ્રેમીકાનો ફોટો જીગરે ડીલીટ કર્યો ન હતો. પ્રેમીકાનો ફોટો જીગર તેના મિત્રોને પણ બતાવતો હતો તેવી જાણ દીપક ને થતા દીપકે જીગરને છરો ભોંકી દીધો હોવાનું પોલીસને જાણવા મળી રહ્યું છે. પોલીસે જીગર નો મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી તેના દાદાને ફરિયાદને આધારે દિપક સામે ગુનો દાખલ કરી દીપકની ધરપકડ કરીને રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે. તો બીજી તરફ ચર્ચા એ પણ છે કે દિપક ગાંજાના નશાનો આદિ થઈ ગયો હતો અને ગઈકાલે તેણે જીગરની હત્યા કરી ત્યારે પણ તે ગાંજાના નશામાં જ હતો. એટલું જ નહીં હત્યા કર્યા બાદ પોલીસે તેને પકડી તો ત્યારે તેણે પોતાના જ હાથ પર આછી બ્લેડ મારીને પોલીસ સમક્ષ નાટકો પણ કર્યા હતા.